ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૪ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૨૪ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં ૧ ૨ ૮ કિલોની કેક કટીંગ સાથે બાબાસાહેબને ભાવાંજલિ







**ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧ ૨ ૮ જન્મજયંતિ નિમિત્તે શહેરમાં અનેકવિધ કાર્યક્રમો યોજાયા : બાળકોએ ૧ ૨ ૮ કિલોની કેક કાપી : બાઈક-કાર સાથે ભવ્ય નગરયાત્રા યોજાઈ : બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિના કાર્યક્રમ યોજાયા**













ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરે આજે રાષ્ટ્રના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરને ૧૨૮મી જન્મજયંતિ નિમિત્તે ઉત્સાહપૂર્ણ ભાવાંજલિ પાઠવી હતી. શહેરમાં ડૉ. આંબેડકર જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ ઉપરાંત શોભાયાત્રા-નગરયાત્રા, કેક કટીંગ, રકતદાન શિબિર જેવા અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા. શહેરમાં વિધાનસભા સંકુલની સામે સ્થિત ડૉ. આંબેડકરની પ્રતિમાને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

વિધાનસભા સંકુલ સામેના આંબેડકર ગાર્ડનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સમક્ષ આજે સવારે મોટી સંખ્યામાં ઉપસ્થિત નાના નાના ભૂલકાઓ દ્વારા ૧૨૮મી જન્મજયંતિ પ્રસંગે ૧૨૮ કિલોની કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં શહેરના દલિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને જયભીમનો જયઘોષ કર્યો હતો. શહેરની દલિત અધિકાર મંચ સહિત વિવિધ દલિત સંસ્થાઓ દ્વારા ડૉ. બાબાસાહેબની





પ્રતિમાને ફુલહાર અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી અત્રે રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અને શહેરના યુવાનોના સૌહાર્દ ગૃપ દ્વારા ડૉ. આંબેડકરની પ્રતિમા પાસે ઉનાળાની ગરમીમાં પક્ષીઓને પીવાનું પાણી મળી રહે તે હેતુથી માટીના કુંડાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે જયભીમ સેવા ટ્રસ્ટ દ્વારા નગરયાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં સે-૨૪થી નગરયાત્રા શરુ થઈ સેકટર-૨૩, ઘ-૫ સર્કલ, ૧૭-૨૨ થઈને જિલ્લા પંચાયત આગળથી ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સુધી પહોંચી હતી. આ નગરયાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો બાઈક તથા કાર સાથે જોડાયા હતા અને બાબા સાહેબના નામના જયઘોષ કર્યા હતા. આ ઉપરાંત શહેરમાં દલિત સેના દ્વારા પણ શોભાયાત્રા યોજી ડૉ. બાબાસાહેબનો ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી. શહેરમાં વિવિધ દલિત સંસ્થાઓ અને સમાજ દ્વારા પણ ડૉ. આંબેડકરની જન્મજયંતિ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

## સેકટર-૭-એમાં બંધ મકાનમાં ૬૫ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૭ એ માં બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું છે. ઘરમાં રહેતા વડીલ બહારગામ જતા દરવાજમાં બાખુ પાડી તસ્કરો અંદર પ્રવેશી સામાન વેર-વિખેર કરી રૂ.૬૫ હજારની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહીતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૭ એ પ્લોટ નં. ૨૭૯-૨ ખાતે રહેતા પંકજકુમાર શંકરલાલ પંડ્યા (ઉં.વ.૬૫) એકલા રહે છે અને નિવૃત જીવન પસાર કરી રહ્યા છે. તેઓ પોતાના ભાઈનું ઓપરેશન હોવાથી વડોદરા ખાતે ગયા હતા. તા.૧૩ માર્ચના રોજ સાંજે પાંચ વાગ્યાના સુમારે તેમના પાડોશીનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતુ કે મકાનના સાઈડના દરવાજાને તોડીને નીચે બાખુ પાડી ચોરી થઈ હોવાનું લાગે છે. જેથી તેમના કહેવાથી પાડોસીએ પોલીસ બોલાવતા દરવાજો ખોલી અંદર જોતા ઘરનો સામાન વેર-વિખેર પડ્યો હતો. પંકજભાઈ શનિવારે રાત્રે જ ઘરે આવ્યા હતા અને તપાસ કરતા તિજોરીમાંથી એક તોલાની સોનાની ચેઈન અને કાનમાં પહેરવાના કાપ અડધા-અડધા તોલાના જેની બંન્નેની કિં.રૂ. ૪૦ હજાર થાય છે. આ ઉપરાંત ઘરમાં પડેલા રૂ.૨૫ હજાર રોકડા પણ ગાયબ હતા. જયારે મળતી માહીતી પ્રમાણે ફરીયાદીના ઘરે રસોઈનું કામ કરતા બહેન શુક્રવારે સવારે સાડા સાત વાગ્યે છોડને પાણી પીવડાવવા માટે આવ્યા હતા ત્યારે મકાન બંધ હતુ. તો શનિવારના રોજ સાંજના સુમારે પાડોશીએ ડોયુ ત્યારે મકાનનો સાઈડનો દરવાજો તુટેલો હતો. એટલે ચોરી શુક્રવારના રોજ રાત્રીના સમયે થઈ હોવાનું અનુમાન લગાવી શકાય છે. તસ્કરોએ પહેલા લોક તોડવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે લોક ન તુટતા તસ્કરો દરવાજામાં બાખુ પાડી ચોરી કરી પલાયન થઈ ગયા છે.

## આજથી રામદેવપીર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

રાજપૂત સમાજ પરિવાર વાવોલ તથા રામદેવપીર ભગવાનના ભકતજનો દ્વારા તા. ૧૫ એપ્રિલથી ૧૭ એપ્રિલ સુધી અલખધણી રામદેવપીર ભગવાન તથા પરિવારનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ વાવોલ ખાતે યોજાશે. જેમાં સંતો-મહાત્માઓ સાથે સમસ્ત રાજપૂત સમાજ વાવોલના કુળગોર અને આચાર્ય તથા પરિવારના સભ્યો ઉપસ્થિત રહેશે.

મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ત્રણ દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે તા.૧૫ એપ્રિલના રોજ સવારે ૯.૩૦ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી મંડપ પ્રવેશ, દેવતાપૂજન, આરતી યોજાશે. દ્વિતિય દિવસે ૧૬ એપ્રિલના રોજ સવારે ૮ થી રાત્રે ૮.૩૦ વાગ્યા સુધી પંચાગ પૂજન શોભાયાત્રા આરતી, ધાન્યાધિવાસ યોજાશે. તૃતિય દિવસ તા. ૧૭ અપ્રિલના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા, વિષ્ણુયાગ પૂર્ણાહુતી, વિષ્ણુયાગ મહાઆરતી યોજાશે. સમાજ દ્વારા દરેક સભ્યોને હાજર રહી આ શુભ પ્રસંગે સહભાગી થવા જણાવાયું છે.

# બેટા, ચિંતા ના કર, મારે લાકડીની કોઈ જરૂર નથી

**આધેડ વયે કેન્સરનો ભોગ બન્યા પછી પણ મજબુત મનોબળના સહારે ફરી જિંદગીને ખુમારીથી જીવનાર વેપારીની પ્રેરક ગાથા**

ગાંધીનગર, તા.૧૪

અમદાવાદના નવરંગપુરામાં નિધિ હોસ્પિટલના કન્સલ્ટીંગરૂમમાં ડો. દેવેન્દ્ર પટેલ સામે બે યુવાનો બેઠા હતા અને ડો. પટેલે તેમના પિતાના બાયોપ્સીના રીપોર્ટસ ચેક કરી કહ્યું " તમારા પિતાને કેન્સર છે અને ઓપેરેશન કરવું પડશે." બંને યુવાનોને શું બોલવું તેની સમાજ ના પડી. ડો. પટેલે કહ્યું "જુઓ કે ગભરાવાની જરૂર નથી, આ ઓપરેશનમાં દર્દીના જીવને કોઈ જોખમ હોતું નથી પણ મોડું થઈ ચુક્યું છે એટલે જેટલું બને તેટલું જલ્દીથી ઓપરેશન કરાય તે જરુરી છે." ડો. દેવેન્દ્ર પટેલ અમદાવાદ જ નહિ ગુજરાતના વરિષ્ઠ અને મોખરાના ખ્યાતનામ તબીબો પૈકીના એક હોવાથી યુવાનોને તેમની વાત પર ભરોસો તો હતો જ. બેમાંથી એક યુવાને પોતાની જેટલી જાણકારી હતી તેના આધારે દબાતા અવાજે પૂછ્યું "સાહેબ કયુ સ્ટેજ છે?" અને ડો.પટેલે જવાબ આપ્યો "ત્રીજા સ્ટેજનું". પછી બંને યુવાનોએ પૂછ્યું કે "પપ્પાનો ચહેરો તો મૂળ દેખાવ જેવો કરી શકાશે કે નહિ ત્યારે ડો. પટેલ સ્પષ્ટ જવાબ આપ્યો કે મારું કામ દર્દીને કેન્સર મુક્ત કરવાનું છે, આ કોઈ બ્યુટી ટ્રીટમેન્ટનું ઓપરેશન નથી." આ પછી ઓપેરશનના ખર્ચ - જોખમો વગેરે અંગે થોડી પૂછપરછ કરી પછી ગણતરીના દિવસમાં જ ડો. દેવેન્દ્ર પટેલે પેલા યુવાનોના આધેડ વયના પિતાનું જડબાનું ઓપેરશન કરી જમણી તરફનું અડધું જડબું તેમજ અડધી જીભ સહીત ગળામાંથી કેન્સરગ્રસ્ત ભાગ દુર કર્યો તેમજ દર્દીની છાતીના ભાગેથી ચામડી લઈને કાપેલી અડધી જીભ નવી બનાવવા ઉપરાંત શક્ય હોય તેટલી રીતે તેમના ચહેરાને ઓપ આપવાનું કાર્ય પણ કર્યુ હતું.

જે દર્દીનું ઓપરેશન કરવામાં આવ્યું તેમનુ નામ હતું





વિનોદભાઈ રામી જેઓ મૂળ સાબરકાંઠામાં હરસોલ ગામના છૂટક અનાજનો વેપાર કરતા વિઠ્ઠલદાસ રામીના ચાર દીકરા અને એક દિકરી એમ કુલ પાંચ સંતાનોમાં સૌથી જયેષ્ઠ પુત્ર અને પોતાના પિતાની છત્રછાયામાં છૂટક અનાજની દુકાનમાં કામ કરવાને બદલે પોતાની આગવી સૂજ-ક્ષમતાને આધારે જાતે ઉભા કરેલા હોલસેલ અનાજ અને તેલીબિયાના વેપારને પગલે ગામ નજીકના તલોદ નગરમાં સ્થાયી થયા હતા. તેઓ તલોદના માર્કેટ યાર્ડના વેપારી વર્ગ અને ખેડૂતોમાં પણ "વિનુમામા"ના હુલામણા નામથી ઓળખાતા હતા. વિદ્યાર્થીકાળમાં અભ્યાસમાં તેજસ્વી અને વિજ્ઞાન શાખામાં ઉચ્ચ અભ્યાસ કરવા છંતા વેપાર કરવા સાથે તેમાં નીતિ પાલનના આગ્રહી હોવાને કારણે તેઓ ખેડૂતોનો એટલો વિશ્વાસ જીતી ચુક્યા હતા કે ખેડૂતો પોતાનો માલ જાહેર હરરાજીમાં મૂકવાને બદલે સીધો "વિનુમામા"ની દુકાને જ વેચવા લઈ આવતા હતા. તેઓ આ લેખ લખનાર સહીત કુલ ત્રણ દીકરાના પિતા હતા અને હંમેશા પોતાના સ્વમાન સાથે પોતે નિયત કરેલા ધારાધોરણ અનુસાર જીવન જીવવાના આગ્રહી હોવાથી તેમનો સ્વભાવ થોડો કડક રહેતો અને જયારે પણ તેઓ પોતાના ફળિયામાં, સોસાયટીમાં કે અન્ય કોઈ પણ સ્થળે પહોચે એટલે ત્યાં તેમના ખોંખારા માત્રથી સ્થિતિ બદલાઈ જતી હતી. તેઓ જયાંથી પસાર થાય ત્યાં આસપાસમાં તોફાન-મસ્તી ચાલતી હોય તો શાંત પડી જતી અને દરેકના અવાજ ધીમા પડી જતા. આમ છંતા જયારે કોઈ વેપારી-ખેડૂત કે વેપારીઓ અથવા કોઈ પેઢીમાં ભાગીદારો વચ્ચે કોઈ બાબતે વિવાદ કે મડાગાંઠ પડે ત્યારે બંને પક્ષો "વિનુમામા"ને મધ્યસ્થી કરવા બોલાવતા અને તેમનું સુચન લગભગ દરેક પક્ષકારને મંજુર રહેતું હતું. કડક શિસ્તના આગ્રહી હોવા સાથે ૧૯૬૫માં સુરત ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૩માં સંમેલનમાં નાનકડા હરસોલ ગામના પ્રતિનિધિ તરીકે ભાગ લેનાર વાંચનપ્રેમી ભાવક અને પ્રેમાળ પિતાનું હૃદય ધરાવતા વિનોદભાઈએ આ લખનારને બાળપણથી જ અખબાર કેમ અને કેવી રીતે વાંચવા જોઈએ તે શીખવાડ્યું હતું જે પુત્રને જીવનના વિવિધ સ્તરે અને જયારે અનેક ક્ષેત્રે કારકિર્દી





અજમાવ્યા પછી નવેસરથી ઓળખ પ્રસ્થાપિત કરવામાં પાયાની ભૂમિકા ભજવી ગયું છે.

વિનોદભાઈ કેન્સરના ઓપરેશન પહેલાથી જ ડાયાબીટીશ જેવી મહાબિમારીનો ભોગ બનેલા હતા જેના કારણે તેમનું આ ઓપરેશન જ નહિ પરંતુ તમામ પ્રકારની સારવાર હંમેશા તબીબો માટે પડકારરૂપ બની જતી હતી. વર્ષ ૨૦૦૯ માં તેમની ૬૪ વર્ષની વયે છેલ્લા કેટલાય વર્ષોથી તમાકુવાળા માવા-મસાલા ખાવાના વ્યસનને કારણે તેઓ કેન્સર જેવા મહારોગનો ભોગ બન્યા હતા. ઓપરેશન બાદ સારવાર અંદાજે પાંચેક વર્ષ ચાલી આ દરમ્યાન વિનોદભાઈના સ્વભાવ મુજબનું મજબૂત મનોબળ જોવા મળ્યું અને જરૂરી આરામ પતી ગયા પછી તેમણે ખુબ ઝડપથી પોતાની દુકાને પણ જવાનું શરુ કરી વેપાર ધંધામાં પ્રવૃત થઈ ગયા. આમ છંતા તેઓ એક પણ તારીખ કે સમય ચુક્યા વગર ૭૦ કિમીનો એસટી બસનો પ્રવાસ કરીને સારવાર લેવા પહોચી જતા. આ સારવારમાં કીમોથેરેપી અને રેડીએશન(શેક) થેરેપી જેવી અઘરી અને કષ્ટદાયક તથા શારીરિક-માનસિક બંને રીતે થકવી નાખનારી સારવારનો પણ સમાવેશ થાય છે. વળી, હવે જડબું એક જ તરફના હાડકાના જોડાણને કારણે ટક્યું હોવાથી નક્કર ખોરાક ચાવી શકે તે સ્થિતિમાં ના હોવાને કારણે ફરજીયાત તમામ ખોરાકને ગ્રાઈન્ડરથી ક્રશ કરીને પ્રવાહી આકારમાં જ ગ્રહણ કરવો પડતો હતો જે કાર્ય ઓપરેશનથી માંડીને તેમની જિંદગીના અંત સુધી તેમના ધર્મપત્ની રમાબેને દરરોજ ત્રણ ટાઈમ વગર ચુકે નિભાવ્યું હતું. પત્નીના સાથ અને પોતાના મજબૂત મનોબળના સહારે વર્ષો સુધી એક સામાન્ય અને સ્વસ્થ જિંદગી જીવવા લાગેલા વિનોદભાઈ રામીને વર્ષ ૨૦૧૨માં ખુબ મોટો હૃદય રોગનો હુમલો આવ્યો જેમાં એક સમયે તો તેમનું હૃદય થોડીક ક્ષણો માટે બંધ પણ પડી ગયું હતું. જોકે તેઓ એમ જલ્દી હાર માને તેવા નહોતા. કપરામાં કપરી અને દર્દદાયક સારવારમાં પણ તેમની હિમત અને સહકાર જોઈને હંમેશા તબીબી સ્ટાફ અચંબિત થતો હતો. હૃદયરોગના હુમલામાંથી હેમખેમ બહાર આવી ફરી ધબકતી કરેલી જીંદગીમાં તેમણે વેપાર-ધંધામાંથી નિવૃત્તિ તો લઈ લીધી પરંતુ નિયમિત ખોરાક-દવા તથા દરરોજ વહેલી સવારે અને સાંજે નિયત કિમી ચાલવા જવાના પોતાના નવા નિયમો ઘડી કાઢ્યા અને તેનું પોતાના સ્વભાવ અનુસાર કડક પાલન શરુ કરી દીધુ હતું. ચાલવા નીકળ્યા હોય ત્યારે રસ્તામાં મળતા ઓળખીતા તેમના પ્રત્યેના આદરને પગલે પોતાનું વાહન ઉભું રાખી "વિનુમામા બેસી જાઓ હું એ તરફ જ જાઉં છું" જેવો શિષ્ટાચાર કરે તો તેને હસતા હસતા કહેતા કે "તમે જાઓ મારે હજુ ચાલવાનું બાકી છે." કેન્સર અને હૃદયરોગને ડાયાબીટીશ જેવા મદદગાર રોગની ઉપસ્થિતમાં પણ મ્હાત આપી વર્ષો સુધી તેમને સૌને અચંબિત કરનારું જીવન જીવી દેખાડ્યું હતું. જો કે ચુંમોતેર વર્ષ જેવી ઢળતી ઉમરે જયારે તેમને એક દાઢમાં સડો થયો જેનું ચહેરાં પર વર્ષો પહેલા લીધેલી રેડીએશન થેરેપીના પગલે લગભગ મરી પરવારેલી ચામડીની સંવેદનશીલતાને કારણે નિદાન થવામાં વાર લાગી અને તેનો ચેપ અત્યાર સુધી સાબુત રહેલા જડબાના હાડકામાં ઉતરી જતા વારંવાર તેમની તબિયતને લથડાવવા લાગ્યો અને તેમના શરીરમાં રહેલી કુદરતી રોગ પ્રતિકારક શક્તિને ખતમ કરવામાં મહત્વનો ભાગ ભજવી ગયો. ફરી એકવાર તેઓ હોસ્પીટલના બિછાને પડ્યા અને થોડા દિવસમાં ઉભા પણ થઈ ગયા. આ દરમ્યાન તેમનું શરીર અત્યંત નબળું પડી ગયું પરંતુ તેમનું મનોબળ એવું જે મજબુત હતું તેની પ્રતીતિ ત્યારે થઈ જયારે તેમણે પૌત્રીએ ટેકા માટે ટેકણ લાકડી આપવા પ્રયાસ કર્યો ત્યારે એજ જૂની અદા થી હસતા હસતા કહ્યું કે "બેટા, ચિંતા ના કર, મારે લાકડીની કોઈ જરૂર નથી." થોડા દિવસમાં ચેપ ગળામાં ફેલાતા અન્નનળીમાં સોજો આવ્યો અને ખોરાક-પાણી પણ લેવાનું બંધ થયું પછી પોતાની મરણપથારીએ પડ્યા પણ સમગ્ર જિંદગીની જેમ છેલ્લી ઘડી સુધી તેમણે ક્યારેય પુત્ર તો ઠીક પત્નીને પણ પોતાના પગ કે માથું દબાવવા દીધા નથી કે વાંસામાં હાથ ફેરવવા દીધો નથી. તેમને કોઈ પંપાળે તે કદી પસંદ નહોતું અને હમેશા માથાના વાળને ઓળેલા જ રાખતા હતા તે ખુમારી છેલ્લી ઘડી સુધી તેમને જાળવી હતી. પોતાની પત્ની અને ત્રણે પુત્ર-પુત્રવધુઓની હાજરી અને નજર સામે જ મૃદુતાથી વિદાય લેનાર "વિનોદભાઈ"નો દેહ જયારે પવિત્ર અગ્નિની જ્વાળાના સહારે પંચમહાભૂતમાં વિલીન થઈ રહ્યો હતો ત્યારે તે નિહાળી રહેલ એક વ્યક્તિના મનમાં શબ્દો ઘૂમી રહ્યા હતા કે "આજે ખુમારીનો ખમીરવંતો ખોંખારો ભસ્મીભૂત થયો."

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com